તોફાની દરિયામાં એક નાની હોડી પર 67 દિવસ સુધી ફસાયેલા એક શખ્સનો ચમત્કારિક બચાવ

વ્હેલ જોવા નીકળ્યા હતા, મોટા ભાઈ અને ભત્રીજાનું મોત

મોસ્કો, તા. 15 (એપી): રશિયાના પૂર્વમાં આવેલા ઓખોત્સ્કના તોફાની દરિયામાં એક નાની હોડીમાં 67 દિવસ વિતાવ્યા બાદ એક શખ્સનો ચમત્કારિક બચાવ થયો હતો જ્યારે તેને માછીમારો દ્વારા જોવામાં આવ્યો હતો.

આઘાતજનક ફૂટેજમાં રશિયન માછીમારી જહાજ એન્જલ દ્વારા 45 વર્ષીય મિખાઈલ પિચુગિનને બચાવતા દર્શાવવામાં આવ્યો હતો.

આ શખ્સનું વજન 50 કિલો ઘટી ગયું હતું, તે ધાબળા અને લાઈફ વેસ્ટમાં લપેટાયેલો જોવા મળ્યો હતો, તેણે પોતાની હોડી પર ધ્યાન આકર્ષિત કરવા માટે નારંગી રંગનો ધ્વજ બાંધ્યો હતો. પરંતુ તેની સાથે બે મૃતદેહો પડ્યા હતા, તેના મોટા ભાઈ સેર્ગેઈ પિચુગિન (49વર્ષ), અને તેના 15 વર્ષીય ભત્રીજા ઈલ્યાના.

ત્રણેય 9 ઓગસ્ટના રોજ તેમની 15 ફૂટની બોટમાં વ્હેલ જોવાના અભિયાન પર નીકળ્યા હતા જ્યારે તેમનું એન્જિન ફેલ થઈ ગયું હતું અને તેઓ દરિયામાં આગળ ખેંચાઈ ગયા હતા. નિષ્ણાતોએ તોફાન અને ઠંડા તાપમાન માટે જાણીતા દરિયામાં બે મહિનાથી વધુ સમય સુધી મિખાઈલના જીવીત રહેવાને 'સમજની બહાર' ગણાવ્યું હતું.

અમેરિકાના મિલિયોનેરે યુવાન દેખાવા પોતાના શરીરમાંથી પ્લાઝમા કઢાવી તેની જગ્યાએ આલ્બ્યુમિન ચઢાવ્યું

જ્હોન્સને દાવો કર્યો કે તેના પ્લાઝમાથી તેના પિતાના વૃદ્ધ થવાની પ્રક્રિયા 25 વર્ષ પાછળ ગઈ છે

વોશિંગ્ટન, તા. 15: ટેક ઉદ્યોગસાહસિક અને વયને ઓછી કરવાના ઝનુની બ્રાયન જ્હોન્સન ફરી એકવાર હેડલાઈન્સ બનાવી રહ્યો છે, આ વખતે તેના શરીરમાંથી દૂષણ દૂર કરવાના ઉદ્દેશ્યવાળી આમૂલ નવી પ્રક્રિયા માટે. 47 વર્ષીય મિલિયોનેર, જે તેની આત્યંતિક વૃદ્ધત્વ વિરોધી પદ્ધતિઓ માટે જાણીતો છે, તેણે તાજેતરમાં પસાર કરેલા ટોટલ પ્લાઝ્મા એક્સચેન્જની (ટીપીઈ) વિગતો જાહેર કરી છે, અને તેના પ્લાઝમાને એટલું શુદ્ધ ગણાવ્યું છે કે આ સારવાર કરનાર તબીબી વ્યાવસાયિકે તેને સૌથી સાફ પ્લાઝમા ગણાવ્યો હતો. તેણે દાવો કર્યો હતો કે તેના પ્લાઝમાના થોડાક ભાગને તેના પિતાને આપવામાં આવ્યો હતો જેના કારણે તેના પિતાના વૃદ્ધ થવાની પ્રક્રિયા 25 વર્ષ પાછળ ગઈ છે.

મધ્ય પ્રદેશમાં ચા વેચનારે મોપેડ ખરીદીની ઉજવણી કરવા માટે રૂ. 60,000ની ડીજે પાર્ટી રાખી

નવી દિલ્હી, તા. 15 : અહેવાલ મુજબ, મધ્ય પ્રદેશના એક ચા વેચનારે લોન પર મોપેડ ખરીદ્યું હતું. તેમણે ડીજે પર રૂ. 60,000 ખર્ચવા ઉપરાંત, તેણે જેસીબી ભાડે લેવા માટે પણ પૈસા ખર્ચ્યા હતા. મધ્ય પ્રદેશના એક ચા વેચનારની તેનું નવું વાહન ખરીદીની ઉજવણી કરવાની રીત વાયરલ થઈ છે. અહેવાલ મુજબ, તેણે એક મોપેડ ખરીદ્યું અને પછી તેને ઘરે લાવવા માટે ડીજે માટે રૂ. 60,000 ખર્ચ્યા. તેણે ટૂ-વ્હીલરને ઉપાડવા માટે એક જેસીબી પણ ભાડે રાખ્યું, જેથી તેનો પરિવાર અને મિત્રો વાહન જોઈ શકે.

જયશંકર અને પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ વચ્ચે ઉષ્માભર્યી મુલાકાત થઈ

ઈસ્લામાબાદ, તા. 15 (પીટીઆઈ): વિદેશ મંત્રી એસ જયશંકર મંગળવારે શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનના (એસસીઓ) શિખર સંમેલનમાં ભાગ લેવા માટે પાકિસ્તાનની રાજધાનીમાં ઉતર્યા હતા તેના થોડાક કલાકો પછી તેમણે પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ સાથે અભિનંદનની આપ-લે કરી હતી. એસસીઓ સભ્ય દેશોના પ્રતિનિધિઓના સન્માનમાં શરીફ દ્વારા તેમના નિવાસસ્થાને આયોજિત ડિનર રિસેપ્શનમાં સંક્ષિપ્ત વાતચીત થઈ હતી. જયશંકર અને શરીફે ઉષ્માભેર હાથ મિલાવ્યા અને ટૂંકી વાતચીત કરી હતી. પાકિસ્તાનના વડા પ્રધાને એસસીઓ સભ્ય દેશોના પ્રતિનિધિમંડળના તમામ નેતાઓનું અભિવાદન કર્યું હતું. લગભગ નવ વર્ષમાં પહેલીવાર એવું બન્યું છે કે ભારતના વિદેશ મંત્રીએ પાકિસ્તાનનો પ્રવાસ કર્યો હોય, જો કે કાશ્મીર મુદ્દા અને પાકિસ્તાન તરફથી સીમાપાર આતંકવાદને લઈને બંને પાડોશીઓ વચ્ચેના સંબંધો તણાવપૂર્ણ છે. વિદેશ મંત્રી એસસીઓ કાઉન્સિલ ઓફ હેડ્સ ઓફ ગવર્નમેન્ટ (સીએચજી0 શિખર સંમેલનમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે.

મણિપુરના મૈતેઈ, કુકી, નાગા ધારાસભ્યોની દિલ્હીમાં બેઠક મળી

નવી દિલ્હી, તા.15 (પીટીઆઈ) : 17 મહિના પહેલા ઉત્તરપૂર્વીય રાજ્યમાં વંશીય હિંસા ફાટી નીકળ્યા પછી મણિપુરના લડતા મૈતેઈ અને કુકી સમુદાયોના લગભગ 20 ધારાસભ્યો મંગળવારે અહીં પ્રથમ વખત મળ્યા હતા. આ બેઠકનો ઉદ્દેશ્ય ચાલી રહેલા સંઘર્ષનો શાંતિપૂર્ણ ઉકેલ લાવવાનો હતો. ગૃહ મંત્રાલય (એમએચએ) દ્વારા મૈતેઈ અને કુકી વચ્ચેના મતભેદોને દૂર કરવા અને સંકટનો સૌહાર્દપૂર્ણ ઉકેલ શોધવાના પ્રયાસ હેઠળ મળેલી બે કલાકથી વધુ ચાલેલી બેઠકમાં ભારતીય જનતા પાર્ટી (બીજેપી)ના સાંસદ સંબિત પાત્રા અને નાગા સમુદાયના ત્રણ ધારાસભ્યો પણ હાજર હતા. જોકે, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને મણિપુરના મુખ્ય પ્રધાન એન બિરેન સિંહે બેઠકમાં હાજરી આપી ન હતી, પરંતુ કેન્દ્રના ઇન્ટરલોક્યુટર, એ કે મિશ્રા અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે,' 'બેઠકમાં સર્વસંમતિથી તમામ સમુદાયોના લોકોને હિંસાનો માર્ગ છોડી દેવાની અપીલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, જેથી કરીને નિર્દોષ નાગરિકોના વધુ કિંમતી જીવ ન જાય.

ચીનના એક્વેરિયમમાં વ્હેલ માછલી નકલી!! અસલીને બદલે રોબોટિક પ્રતિકૃતિ!

બીજિંગ, તા. 15 : ચાઈના લાંબા સમયથી તેના પ્રાણી સંગ્રહાલયમાં શંકાસ્પદ પ્રથાઓ માટે ચર્ચા છે, જેમાં નકલી પ્રાણીઓ દર્શાવવાના આરોપો છે, જેમ કે પાંડા જેવા દેખાતા કૂતરાઓ અથવા વિદેશી બિલાડીઓ તરીકે વરુઓને ચિત્રિત કરવા. હવે, આવું જ એક કૌભાંડ બહાર આવ્યું છે, આ વખતે એક ચીની માછલીઘરમાં બન્યું છે. જેનાથી નિરાશ મુલાકાતીઓની ટીકાઓનો પ્રવાહ વહ્યો છે.

આ ઘટના શેનઝેનમાં જિયાઓમીશા સી વર્લ્ડ ખાતે બની હતી, જેને તાજેતરમાં નોંધપાત્ર પાંચ વર્ષના નવીનીકરણ પછી 1 ઓક્ટોબરના રોજ ફરીથી ખોલવામાં આવ્યું હતું. આ આકર્ષણ તેના બહુચર્ચિત 'વિશાળ શાર્ક' પ્રદર્શનને લઈને નોંધપાત્ર ઉત્તેજના પેદા કરી હતી, જે પાર્કના મુખ્ય આકર્ષણના સાક્ષી બનવા આતુર ભીડને આકર્ષિત કરે છે - એક વિશાળ વ્હેલ શાર્ક, જે વિશ્વની સૌથી મોટી માછલી તરીકે ઓળખાય છે. સામાન્ય રીતે વ્હેલ શાર્કની લંબાઈ 60 ફૂટથી વધુની હોય છે. જોકે, આ ઉત્સાહ ઝડપથી નિરાશામાં પરિવર્તિત ત્યારે થઈ ગયો જ્યારે મુલાકાતીઓએ શોધ્યું કે બહુપ્રતીક્ષિત દરિયાઈ પ્રાણી હકીકતમાં એક રોબોટિક પ્રતિકૃતિ છે.

માછલીઘરના કાચમાંથી લેવામાં આવેલી તસવીરોમાં તે યાંત્રિક શાર્ક હોવાનું જાહેર થયું છે.આ સાક્ષાત્કારથી મુલાકાતીઓમાં આક્રોશ ફેલાયો, જેમાંથી ઘણાને લાગ્યું કે માછલીઘરના માર્કેટિંગ દ્વારા ગેરમાર્ગે દોરાયા છે.

■ બબૂન પ્રજાતિના વાંદરાઓની ટોળકી દક્ષિણ આફ્રિકાના કેપટાઉનની આસપાસના પર્વતો છોડીને રહેણાંક વિસ્તારોમાં ભોજનની શોધમાં આવી હતી. આ વાંદરાઓ ભોજન માટે કેપટાઉનના રહેણાંક વિસ્તારોમાં કચરા પેટીઓને ઊંધી કરીને તેમાંથી ખાવાનું ખાતા જોવા મળ્યા હતા. આ વાંદરાઓથી રહેવાસી હેરાન થયા હતા ત્યારબાદ સ્થાનિક સંસ્થાઓના કાર્યકર્તાઓએ વાંદારોઓને પાછા પર્વતો પર મોકલવાના પ્રયાસમાં પેન્ટબોલ બંદૂકનો ઉપયોગ કર્યો હતો.

સરકારે 8 આવશ્યક દવાઓના ભાવમાં 50 ટકાનો વધારો કર્યો

અસ્થમા, ટીબી અને ગ્લુકોમા જેવા રોગોની દવાઓનો સમાવેશ

નવી દિલ્હી, તા. 15 : નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (એનપીપીએ)એ 8 શેડ્યૂલ દવાઓની મહત્તમ કિંમત વધારવાનો નિર્ણય કર્યો છે. આ દવાઓનો ઉપયોગ અસ્થમા, ટીબી, ગ્લુકોમાની સાથે અન્ય ઘણા રોગોના ઈલાજ માટે થાય છે.

આરોગ્ય અને કુટુંબ બાબતોના મંત્રાલયે જણાવ્યું હતું કે, એનપીપીએએ આઠ દવાઓની 11 સુનિશ્ચિત ફોર્મ્યુલેશનની મહત્તમ કિંમતોમાં તેમની વર્તમાન મહત્તમ કિંમતોથી 50% વધારવાની મંજૂરી આપી છે.

અગાઉ, એનપીપીએએ 2019 અને 2020માં 21 અને 9 ફોર્મ્યુલેશન દવાઓના ભાવમાં 50% વધારો કરવાનો નિર્ણય લીધો હતો.

સરકારે આ દવાઓ અને ફોર્મ્યુલેશનની કિંમતોમાં સુધારો કર્યો છે.

-એટ્રોપિન ઈન્જેક્શન (0.6 એમજી/એમએલ), સ્લો-હાર્ટ રેટની સારવાર માટે વપરાય છે.

-ઈન્જેક્ટેબલ પાઉડર સ્ટ્રેપ્ટોમાઈસીન (750એમજી અને 1000એમજી ફોર્મ્યુલેશન) ટીબીની સારવાર માટે ઉપયોગમાં લેવાય છે.

-અસ્થમાની દવા સાલ્બુટામોલ 2એમજી અને 4એમજી ગોળીઓ અને 5એમજી/એમએલ રેસ્પિરેટર.

-ગ્લુકોમાની સારવારમાં વપરાતા પીલોકાર્પિન 2% ડ્રોપ.

-સેફાડોક્સિલ ટેબ્લેટ 500એમજી, યુરિન ટ્રેક્ટ ઈન્ફેક્શન (યુટીઆઈ) ની સારવાર માટે વપરાય છે.

-થેલેસેમિયાની સારવાર માટે ડીફેરોક્સામાઈન 500એમજી ઈન્જેક્શન અને લિથિયમ 300એમજી ગોળીઓ.

આ દવાઓની મહત્તમ કિંમતમાં વધારો કરવા પર સરકારે કહ્યું હતું કે, નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (એનપીપીએ) આ દવાઓની કિંમતો વધારવા માટે ઉત્પાદકો પાસેથી સતત અરજીઓ આવી રહી હતી.

ફાર્માસ્યુટિકલ કંપનીઓ દ્વારા એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રેડિયન્ટ્સ (એપીઆઈ)ના ભાવમાં થયેલા વધારાને દવાઓની કિંમતમાં વધારો અને વિનિમય દરોમાં ફેરફારનું કારણ દર્શાવવામાં આવ્યું હતું.

મંત્રાલયે કહ્યું કે, કંપનીઓએ કેટલીક દવાઓ ઉપલબ્ધ ન હોવાને કારણે તેને બંધ કરવા માટે પણ અરજી કરી છે. આમાંની મોટા ભાગની દવાઓ સસ્તી છે અને તેનો ઉપયોગ દેશના જાહેર આરોગ્ય કાર્યક્રમોમાં પ્રથમ લાઈન સારવાર તરીકે થાય છે.

પેજ 3

ચેન્નાઈમાં ભારે વરસાદ વચ્ચે સુપરસ્ટાર રજનીકાંતના ઘરમાં પાણી ભરાયાં

ચેન્નાઈ, તા. 15 : ઉત્તર-પૂર્વ ચોમાસાના ભારે વરસાદને કારણે ચેન્નાઈ ગંભીર જળસંગ્રહથી ઝઝૂમી રહ્યું છે. શહેરના સીમાચિહ્ન એવા પોસ ગાર્ડનના પોશ વિસ્તારમાં રજનીકાંતનો આલીશાન વિલા પાણીમાં ડૂબી ગયો છે. અવિરત વરસાદને કારણે પરિસરમાં પાણી ઘૂસી ગયા છે, સોશિયલ મીડિયા પરના વિઝ્યુઅલમાં પૂરને દર્શાવવામાં આવ્યું છે. ધોધમાર વરસાદના કારણે શહેરની ડ્રેનેજ સિસ્ટમ પર પાણી ફરી વળતાં આ સ્થિતિ સર્જાઈ છે. નાગરિક સત્તાવાળાઓએ રજનીકાંતના નિવાસસ્થાનની આસપાસનાં પાણીને બહાર કાઢવા માટે તાત્કાલિક પગલાં લીધાં છે. તેમના સ્ટાફના સભ્યો પણ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે, એ સુનિશ્ચિત કરી રહ્યા છે કે પૂરને ન્યૂનતમ નુકસાન સાથે સંચાલિત કરવામાં આવે. અહેવાલો અનુસાર, રજનીકાંત યોગ્ય સાવચેતી રાખીને ઘરની સલામતી માટે તમામ જરૂરી પગલાં લઈ રહ્યાં છે. જોકે, તેમણે હજી સુધી પૂર મુદ્દે જાહેરમાં વાત કરી નથી.

સલમાન ખાનના ઘર પર 24/7 પોલીસ પેટ્રોલિંગ, એઆઈ-સક્ષમ સીસીટીવીથી દેખરેખ

મુંબઈ, તા. 15 : તાજેતરના રાજકારણી બાબા સિદ્દીકીની હત્યા અને લોરેન્સ બિશ્નોઈ ગેંગની ધમકીઓને પગલે બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનના બાંદ્રા સ્થિત ગેલેક્સી એપાર્ટમેન્ટ્સની સુરક્ષા નોંધપાત્ર રીતે વધારી દેવામાં આવી છે. ભૂતકાળમાં પણ ગેંગ દ્વારા ટાર્ગેટ કરવામાં આવેલા અભિનેતાને કોઈપણ સંભવિત જોખમને રોકવા માટે વિસ્તારની આસપાસ ભારે પોલીસ તૈનાત કરવામાં આવી છે. બેન્ડસ્ટેન્ડની આસપાસ અને ગેલેક્સી એપાર્ટમેન્ટ્સ પાસે સાદા કપડાંમાં 60થી વધુ પોલીસકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા છે, જેઓ શંકાસ્પદ ગતિવિધિઓ પર ચોવીસ કલાક નજર રાખી રહ્યા છે. આ અધિકારીઓ, સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી) નું પાલન કરીને આસપાસની દરેક હિલચાલ પર સતત દેખરેખ રાખે છે.

સેટેલાઈટ સ્પેક્ટ્રમ ફાળવણી મુદ્દે એલન મસ્ક અને અંબાણી-મિત્તલ વચ્ચે યુદ્ધ

સ્પેક્ટ્રમની ફાળવણી હરાજી મારફતે કરવા અંબાણી અને મિત્તલની માગ

મસ્કે આ માગને 'અભૂતપૂર્વ' ગણાવી

સરકારે કહ્યું: ફાળવણી વહીવટી રીતે થશે ને કિંમત ટ્રાઈ નક્કી કરશે

નવી દિલ્હી, તા. 15 (પીટીઆઈ): વિશ્વના સૌથી ધનાઢ્ય વ્યક્તિ ઈલોન મસ્કે ભારતીય અબજોપતિ મુકેશ અંબાણી અને સુનિલ ભારતી મિત્તલ પર સેટેલાઈટનો ઉપયોગ કરીને વાયરલેસ કોમ્યુનિકેશનમાં વપરાતા સ્પેક્ટ્રમની ફાળવણીના મુદ્દે આકરા પ્રહારો કર્યા હતા અને આવા એરવેવ્સની હરાજી માટેની તેમની માગને 'અભૂતપૂર્વ' ગણાવી હતી.

જ્યારે અંબાણીની રિલાયન્સ જિયો એરવેવ્સ ખરીદનારા અને ટેલિકોમ ટાવર જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપિત કરતા જૂના ઓપરેટરોને સમાન તક આપવા માટે હરાજી દ્વારા આવા સ્પેક્ટ્રમની ફાળવણી કરવાની જરૂરિયાત અંગે અવાજ ઉઠાવી રહી છે, મિત્તલે મંગળવારે આવી ફાળવણી માટે હરાજીનો ઉપયોગ કરવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી.

મસ્કની સ્ટારલિંક વૈશ્વિક વલણને અનુરૂપ લાયસન્સની વહીવટી ફાળવણીની માગ કરી રહી છે જ્યારે તે વિશ્વના સૌથી ઝડપથી વિકસતા મોબાઈલ ટેલિફોન અને ઈન્ટરનેટ માર્કેટમાં પ્રવેશ કરવા માંગે છે.

પૂર્વ સીજેઆઈ ગોગોઈ સામેના આરોપોથી રોષે ભરાયેલી સુપ્રીમે અરજદારને અદાલતમાંથી બહાર કાઢવા આદેશ આપ્યા

અગાઉ બેન્ચે ફરિયાદીને પક્ષકારોની યાદીમાંથી ભૂતપૂર્વ સીજેઆઈનું નામ દૂર કરવા કહ્યું હતું

નવી દિલ્હી, તા. 15 (પીટીઆઈ): ભારતના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ (સીજેઆઈ) રંજન ગોગોઈ વિરુદ્ધ એક વાદી દ્વારા લગાવવામાં આવેલા આરોપોથી નારાજ, સુપ્રીમ કોર્ટે મંગળવારે એક અરજી ફગાવી દીધી હતી અને સુરક્ષા કર્મચારીઓને તેમને કોર્ટરૂમમાંથી બાહર કરવાનો આદેશ આપ્યો હતો.

અરજદારે ભૂતપૂર્વ સીજેઆઈ સામે આરોપો મૂક્યા હતા, જેના પગલે જસ્ટિસ બેલા એમ ત્રિવેદી અને સતીશ ચંદ્ર શર્માની બનેલી બેન્ચે સુરક્ષા કર્મચારીઓને તેમને અદાલતમાંથી બહાર લઈ જવા કહ્યું હતું.

અરુણ રામચંદ્ર હુબલીકરે સૈન્યમાંથી તેમને 'ગેરકાયદે રીતે બહાર કરવા' સામે અરજી દાખલ કરી હતી જ્યારે સેવા વિવાદમાં અગાઉ કરેલી અરજીને ફગાવી દેવા બદલ ભૂતપૂર્વ સીજેઆઈ સામે ઈન-હાઉસ તપાસની માગ કરી હતી.

30 સપ્ટેમ્બરના રોજ, ચીફ જસ્ટિસ ડી વાય ચંદ્રચુડની આગેવાની હેઠળની બેન્ચે ભૂતપૂર્વ સીજેઆઈ સામે તપાસની માગ કરતી અરજી પર સખત વાંધો લીધો હતો અને અરજદારને પક્ષકારોની યાદીમાંથી ગોગોઈનું નામ દૂર કરવા કહ્યું હતું.

મંગળવારે, જ્યારે સુનાવણી દરમિયાન વાદીએ ભૂતપૂર્વ સીજેઆઈનું નામ લીધું ત્યારે બેન્ચ ગુસ્સે થઈ હતી. 'અમે તમારા પર દંડ ફટકારવા જઈ રહ્યા છીએ. કોઈ જજનું નામ ન લો. તમારા કેસમાં કંઈ નથી', એમ બેન્ચે કહ્યું હતું.

ધારી એટલે સુમુલ ધારી

શુધ્ધ અને સંપૂર્ણ હાઈજેનીક

વર્ષોથી એક સરખી ગુણવત્તા અને એક સરખો સ્વાદ...

કેસર,બદામ, પિસ્તા ધારી (રેગ્યુલર)

0% Added Sugar ધારી (ખાંડ વગરની ધારી)

250 ગ્રામ અને 500 ગ્રામ પેકીંગમાં ઉપલબ્ધ

સુમુલ

શુધ્ધતાની પરંપરા

કેસરબદામ પિસ્તા ધારી

500 ગ્રામ ₹380/- | 250 ગ્રામ ₹200/-

0% Added Sugar ધારી

250 ગ્રામ ₹250/-

સુરતી સ્પેશ્યલ ભૂસુ

500 ગ્રામ ₹125/-

Help Line : 6710225 | 6710250 | 6710346 | 6710465

:: મોજે અષ્ટગામના બ્લોક/સર્વે નં. ૧૯૫, ૩૫૩, ૩૬૨ તથા ૫૫૩ વાળી ખેતીની જમીન અંગે જાહેર ચેતવણી ::

ડિસ્ટ્રીકટ નવસારી, સબ-ડિસ્ટ્રીકટ નવસારીના મોજે ગામ : **અષ્ટગામ**નાં બ્લોક/સર્વે નં. **૧૯૫** વાળી જમીન જેનું ક્ષેત્રફળ ૨૦૭૪ ચો.મી. તથા બ્લોક/સર્વે નં. **૩૫૩** વાળી જમીન જેનું ક્ષેત્રફળ ૬૦૭ ચો.મી. તથા બ્લોક/સર્વે નં. **૩૬૨** વાળી જમીન જેનુ ક્ષેત્રફળ ૧૮૫૧૪ ચો.મી. તથા બ્લોક/સર્વે નં. **૫૫૩** વાળી જમીન જેનું ક્ષેત્રફળ ૭૨૮૪ ચો.મી. જુની શરતની ખેતીની જમીનોના મૂળ માલિક **ગોવિંદભાઈ કાનજીભાઈ પટેલ** તથા **મગનભાઈ કાનજીભાઈ પટેલ** વિગેરેનાઓ ચાલી આવેલ હોવાનું જણાવી **ગોવિંદભાઈ કાનજીભાઈ પટેલ** તથા **મગનભાઈ કાનજીભાઈ પટેલ**નાઓએ તેઓના વારા-વહેંચાયેલ હકક, હિસ્સાનું હમારા અસીલને વેચાણ આપી વેચાણ સાટાખત કરી આપેલ છે. જેના વેચાણ અવેજની ઘણીમોટી રકમ હમારા અસીલે મુળ જમીન માલિકોને ચુકવી આપેલ છે. આમ, સદરહું જમીનમાં હમારા અસીલના રાઈટ, ટાઈટલ અને ઈન્ટ્રસ્ટ સમાયેલા છે. સદરહું જમીનમાં હમારા અસીલનો કાયદેસરનો હકક, હિત, હિસ્સો, રાઈટ, ટાઈટલ, ઈન્ટ્રેસ્ટ સમાયેલું હોવા છતાં હમારા અસીલને જાણવા મળેલ છે કે **ગોવિંદભાઈ કાનજીભાઈ પટેલ** તથા **મગનભાઈ કાનજીભાઈ પટેલ**નાઓ હમારા અસીલનો હકક, હિસ્સો ડુબાડવાના બદઈરાદે સદર જમીન હમારા અસીલની જાણ વિના ત્રાહિત ઈસમોને વેચાણ કરવા ફરી રહ્યા છે જેની જાણ હમારા અસીલને હાલમાં થતા હમારા અસીલે **મહે. નવસારીના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં રે.દિ.મુ.નં. ૩૦/૨૦૨૪ થી સાટાખતના વિશેષ અમલ તેમજ જાહેરાત તથા જાયુકની મનાઈ હુકમ વિગેરે દાદ મેળવવા દાવો કરેલ છે** જે દાવો નામદાર કોર્ટમાં પેન્ડીંગ છે, મેટર સબજ્યુડીશ છે. જેથી **ગોવિંદભાઈ કાનજીભાઈ પટેલ** તથા **મગનભાઈ કાનજીભાઈ પટેલ**નાઓ સાથે કોઈપણ વ્યકિતએ કે સંસ્થાએ કોઈપણ જાતનો વ્યવહાર કરવો નહી અને કરશે તો તેને કોઈ હકક કે અધિકાર પ્રાપ્ત થશે નહી બલ્કે કોર્ટ પ્રકરણોમાં સંડોવાવું પડશે અને વ્યવહાર કરનાર કરાવનાર તમામ વિરૂધ્ધ હમારા અસીલ દિવાની તેમજ ફોજદારી રાહે કાયદેસરની કાર્યવાહી કરશે જેની ગંભીર નોંધ લેવી.

ઓફિસ :- એ/૫૦૪, "તીરૂપતી પ્લાઝા", જુની બહુમાળીની પાછળ, નાનપુરા, અઠવાગેટ, સુરત. મો.: ૮૫૩૦૦ ૬૮૨૯૯

મુકેશ એસ. પટેલ તથા સંજય આર. પટેલ તથા નચલ એમ. પાંડવ તે જયસિંગભાઈ છગનભાઈ ભરવાડ ના એડવોકેટસ

મોજે : વડોદ, મહાદેવનગર સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી, પ્લોટ નંબર : ૨૧/ડી અને પ્લોટ નંબર : ૨૨/ડી વાળી મિલકતોના ટાઈટલ તથા વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, ચોર્યાસી(હાલ મજુરા) સબ ડિસ્ટ્રીકટના મોજે વડોદના જુના રેવન્યુ સર્વે નં.૧૨૫ પૈકી, જેનો રી.સર્વે નં.૧૪૬/પૈકી, હિસ્સા નં.૩, જેનું ક્ષેત્રફળ ૮,૪૦૦ ચો.મી. વાળી જમીન તથા હિસ્સા નં.૪, જેનું ક્ષેત્રફળ ૮,૪૦૦ ચો.મી. વાળી જમીન કે જે બંનેનું કુલ્લે ક્ષેત્રફળ ૧૬,૮૦૦ ચો.મી. વાળી જમીન, જેને ટી.પી. સ્કીમ નં.૬૩ લાગુ પડતા ફાયનલ પ્લોટ નં.૧૧૧ ફાળવવામાં આવેલ છે. જે જમીનમાં આયોજીત "મહાદેવનગર સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી" માં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નંબર : ૨૧/ડી વાળી ખુલ્લી જમીનવાળી મિલકત, જેનો મ્યુ. દફતરે ટેનામેન્ટ નં. ૦૭૫૦૧-૦૫-૬૩૭૫-૦-૦૦૧ છે, તે મિલકત હેલી જીતેન્દ્રભાઈ પટેલ અને પ્લોટ નંબર : ૨૨/ડી વાળી ખુલ્લી જમીનવાળી મિલકત, જેનો મ્યુ. દફતરે ટેનામેન્ટ નં. ૦૭૫૦૧-૦૫-૬૩૮૫-૦-૦૦૧ છે, તે વિગતની મિલકત કલ્પનાબેન જીતેન્દ્રભાઈ પટેલ ઓએ પોતાની માલિકી અને પ્રત્યક્ષ કબજા, ભોગવટા તેમજ વપરાશમાં હોવાનું, તેમજ સદરહુ મિલકતોના ટાઈટલ કોઈપણ જાતના બોજારહિત, વોકબા અને માર્કેટેબલ હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવા નક્કી કરી કિંમતી અવેજ સ્વીકારેલ છે અને જેના અનુસંધાને દુંક સમયમાં મારા અસીલ તેઓની પાસેથી સદરહુ મિલકતોનો રજી. વેચાણ દસ્તાવેજો કરાવી લેનાર છે. પરંતુ સદરહુ મિલકતોના માલીકોના જણાવ્યા મુજબ નીચે જણાવેલ દસ્તાવેજો ગુમ યાને ગેરવલ્લે થઈ ગયેલ છે અને ઘણી શોધખોળ કરવા છતા મળી આવતા નથી. આ હકીકતમાં મજકુર અસલ દસ્તાવેજો કે સદરહુ મિલકતો બાબતે કોઈપણ બેંક કે નાણાંકીય સંસ્થા કે વ્યકિતના કોઈપણ જાતના હકક-હિત, સંબંધ યા લાગ-ભાગ હોય, તેમજ મજકુર વેચાણના વ્યવહાર સંબંધે કોઈને કોઈપણ જાતનો વાંધો હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૭ માં તેવા વાંધો, હકક-હિત સંબંધે કે લાગ-ભાગ અંગે પુરાવા સહિત અમોને લેખિતમાં જાણ કરવી. ઉપરોકત મુદતમાં જો તેવા વાંધો કે તકરાર આવશે નહીં તો કોઈને મજકુર વ્યવહાર સંબંધે કે મિલકતો સંબંધે કોઈ હકક-હિત, લાગ-ભાગ, વાંધો કે તર-તકરાર નથી અને હોય તો તે જતાં કરેલ હોવાનું માની લઈ મારા અસીલ સદરહુ મિલકતોના રજી. વેચાણ દસ્તાવેજો કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં. તેની આથી લાગતા-વળગતા તમામ તથા જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

ગુમ થયેલ દસ્તાવેજો

પ્લોટ નંબર : ૨૧/ડી	અસલ રજી. વેચાણ દસ્તાવેજ નં.૧૨૭૬૮, તા.૨૯/૧૧/૨૦૦૪ તથા તેની અસલ રજી. ફી ભર્યાની રસીદ
પ્લોટ નંબર : ૨૨/ડી	અસલ રજી. વેચાણ દસ્તાવેજ નં.૫૧૭૯, તા.૧૨/૦૫/૨૦૦૪ તથા તેની અસલ રજી. ફી ભર્યાની રસીદ

ઓફિસ : જી-૧, ઓમ શાંતિ એપાર્ટમેન્ટ, પ્લોટ નં. સી/૮૭, આશાપુરી સોસાયટી-૧, બમરોલી રોડ, ઉધના - પાંડેસરા, સુરત. મો.નં. ૯૫૩૭૧૦૨૩૦૮

નિમેષ આર. પ્રજાપતિ તે ખરીદનારના એડવોકેટ

ટાઈટલ કલીયરન્સ બાબતની જાહેર નોટીસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા સૌ કોઈને આ જાહેર નોટીસ થકી જણાવવાનું કે... સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ-ડીસ્ટ્રીકટ શહેર સુરતમાં સહારા દરવાજા રીંગરોડ વિસ્તારમાં મોજે ઉમરવાડાના રે.સર્વે નં. ૮૯+૯૦ - અ પૈકી, સીટી સર્વે વોર્ડ નંબર : ૧૪ (ઉમરવાડા) સીટી સર્વે નં. ૨૦૨૭, ૨૦૨૮ પૈકી, ૨૦૧૮ પૈકી અને ૨૦૨૪/૧ પૈકી, ટી.પી.સ્કીમ નં. ૮ (ઉમરવાડા), ફાયનલ પ્લોટ નંબર ૧૩૦/૨ તથા ૧૩૦/૩ થી નોંધાયેલી જમીન પર બાંધવામાં આવેલ "જશ ટેક્ષટા